# ગઝલ

## ડૉ. મનોજ જોશી 'મન'

**.1.**

વગર કારણે બસ, અમસ્તો જ રાખો;
હો ચહેરો તમારે, તો હસતો જ રાખો.

ગમે ત્યાં, ગમે તે ધજા ના ઉગાડો;
આ રસ્તો છે, રસ્તાને રસ્તો જ રાખો.

ઈરાદાઓ રાખી સમય કરતાં આગળ,
સમયને સતત હાથ ઘસતો જ રાખો.

ચરણને પડી ગઈ છે ખરબચડી ટેવો,
સહન થઈ શકે જો ફરસ તો જ રાખો.

બધાને ગમે, પરવડે ને મળે પણ;
તમે ખુદનો હોંકારો સસ્તો જ રાખો.

**.2.**

રાત મારી પાસ બેસી ને બગાસાં ખાય છે,
આંખતાળી દઈ લચકતી ઉંઘ ચાલી જાય છે.

મારી, સન્નાટા ને અંધારાની મહેફીલ રોજની,
કોક દી' આવીને તમરાં ગીત એમાં ગાય છે.

એક ચહેરો આંખમાં નાચ્યા કરે ચોખ્ખો-ચણક,
દૃશ્ય ઝાંખાં થાય તે ધુમ્મસ બની રેલાય છે.

યાદ ઝાકળ થઈને વરસે આભમાંથી એ રીતે,
સાવ કોરાં ફુલ રહે ને આંખ ભીની થાય છે.

આપમેળે શબ્દ ફુટે છે હૃદયમાંથી પછી;
ને ગળે બાઝેલ ડુમો કાગળે રેલાય છે.

.3.

વરસતી રહે વેદનાઓ કે ગાજે,
તું તકલીફ વચ્ચેથી સોંસરવો જાજે.

હા, પડવું કે વળવું મુસાફરને શોભે,
સફરમાં પરંતુ અટકવું ન છાજે.

ચસોચસ વળગ માર્ગને એ રીતે તું,
કે શરમાય ઠોકર ને મંઝીલ તો દાઝે.

કરી સ્હેજ હીંમત હકીકતને પીજે,
કદી ભુલથી પણ ન સપનાંઓ ખાજે.

એ લીલાશ નહીં લાશ છે ! ચેતજે 'મન',
ન ચાલુ રહે વ્હેણ તો લીલ બાઝે.

## .4.

બધાએ જ્યાં ફકત લોહી ને નકરા શ્વાસ રાખ્યાં છે,
અમે ત્યાં યાદ વાવી છે, રુપાળા ચાસ રાખ્યા છે.

અમે તો બસ, હ્રદય વચ્ચે અમુક અહેસાસ રાખ્યા છે,
તબીબો એમ કહે છે : કંટકો ને ફાંસ રાખ્યા છે!

ઘણાંએ ‘પણ', ‘પરંતુ', ‘હે પ્રભુ' ને ‘કાશ' રાખ્યા છે!
બહુ ઓછાએ શબ્દો ‘વાહ!', ‘સુંદર', ‘હાશ' રાખ્યા છે!

ઘણા આકાશમાંથી પુષ્પોને ચુંટવાનું શીખવે છે!
ઘણાએ આપવા ભાડે વળી આકાશ રાખ્યાં છે!

તમારે કેવા સંબંધો છે સંજોગોની સાથે ત્યાં?
અહીં સંજોગે મોટાભાગનાને દાસ રાખ્યા છે!

## .5.

એક ખબર તો પાક્કી છે,
કૈંક હજુ પણ બાકી છે!

દીમાગ છે, ચાલાકી છે;
એથી તો હાલાકી છે.

સીધાસટ શ્વાસો છે પણ,
વાટ એમની વાંકી છે!

મયખાનું તો ખુલ્લું છે,
બંધ ભીતરથી સાકી છે!

શર્ટને સ્થાને સ્વપ્ન બધે,
ગજવે ઈચ્છા ટાંકી છે.

લાગણીઓ જો સદે નહીં,
ગઝલો અકસીર ફાકી છે.

કવી ઘણાયે અટકે છે,
કલમ કદી ક્યાં થાકી છે?

.6.

ખરેખર જો કહું ને તો હજુ અડધા જ નીકળે છે,
ગઝલમાં શેરનાં નામે બધા સણકા જ નીકળે છે.

તમારા શબ્દનો પડઘો નથી પડતો કહો છો પણ;
તમારા મુખમાંથી શબ્દ નહીં, પડઘા જ નીકળે છે.

ખડગ સચ્ચાઈનું વીંઝી હણે છે દાનવો જગમાં,
કલમનું રુપ લઈ સાક્ષાત મા દુર્ગા જ નીકળે છે.

દીવસ ને રાતની ઘંટીનાં પડ વચ્ચેથી છટકીને-
તમે જ્યાં જાવ છો એ સ્થાન કાં જડબાં જ નીકળે છે!

હતો એ પણ જમાનો કે ફુવારા હાસ્યના ઉડતા!
હવે બે માણસો ટકરાય તો તણખા જ નીકળે છે.

પ્રભુનો પાડ છે કે હોઠ સુધી એ નથી જાતું,
હૃદયથી નામ તારું લોહીમાં ફરવા જ નીકળે છે.

.7.

મુકી ડામરની આ પાટી, રખડવા ચાલને જઈએ!
મને બોલાવે છે માટી! રખડવા ચાલને જઈએ!

ઘણાં સપનાં ને ઈચ્છાઓ દબાયા સુટની નીચે!
ભલેને સુટ જાય ફાટી! રખડવા ચાલને જઈએ!

બધાં પરફ્યુમ શરમાઈને પાણી થઈ જશે તારાં!
હૃદય પર ગામડું છાંટી ! રખડવા ચાલને જઈએ.

હવે અબખે પડી હૉટલ ને એનાં સુપ ને ડેઝર્ટ!
મળે જો છાશ ક્યાંક ઘાટી, રખડવા ચાલને જઈએ!

મને તું આંબલીનું ઝાડ ના દેખાડ મોબાઈલમાં!
મળે શું સ્ક્રીનને ચાટી! રખડવા ચાલને જઈએ!

જુઠાં સ્ટેટસ અને મેનર્સ ઉપર સૌ કર્ટસી વીંટી,
પછી એ ભોંયમાં દાટી! રખડવા ચાલને જઈએ!

.8.

બધીયે વાર જો કે મુર્ખ તો લાગું જ છું લગભગ,
હ્રદયની વાત સઘળી તો'ય હું માનું જ છું લગભગ.

હીસાબો ફોડલાઓના હવે રાખું જ છું લગભગ,
પીણાંથી નહીં તો પાનારાથી, હું દાઝું જ છું લગભગ!

ઉજાડી મારી ઈચ્છા મેં! લુંટી છે ઉંઘ મેં મારી!
પછી મારાં જ સપનાં માર્યાં! હું ડાકુ જ છું લગભગ!

અરીસો કોણ જાણે કેમ વંચાતો નથી ક્યારેય,
નજર સામેથી રેલાતું બધું વાંચું જ છું લગભગ!

છે મારા હાથમાં દોણી! અને ચાલું જ છું લગભગ!
નનામી મેં જ ઉઠાવી છે! મર્યો પણ હું જ છું લગભગ!

.9.

પ્રતીભા ડામવાની સૌ કરામત! સ્હેજ તો સમજો!
પ્રશંસા છે પ્રશંસા કે ખુશામત! સ્હેજ તો સમજો.

ઘણી નાજુક છે આખીયે બાબત, સ્હેજ તો સમજો!
જરુરત છે આ લાગણીઓ કે આદત? સ્હેજ તો સમજો.

તમે એકલતાનાં બદલે ગળુ એકાંતનું દાબ્યું!
જરા થોભો! છે બન્નેમાં તફાવત! સ્હેજ તો સમજો.

'નરો વા કું જરો વા'ને જરા અજમાવજો આજે!
નરી સચ્ચાઈથી આવી છે આફત! સ્હેજ તો સમજો.

મગજનું નામ 'પાકીસ્તાન' રાખો ! 'ચીન' છો રાખો!
હ્રદયને નામ શોભે ફક્ત 'ભારત'! સ્હેજ તો સમજો.

.10.

નથી એવું કંઈ કે સમયના અભાવે,
ઘણુંયે અટકતું હ્રદયના અભાવે!

ન તો વયના લીધે, ન વયના અભાવે!
જીવન ખોરવાશે, તો લયના અભાવે.

નજર સ્થીર છે કે ઝલક ક્યારે પડશે!
જીવન સ્થીર છે જો ! વલયના અભાવે!

અમારું નથી કંઈ ! તમારું'ય ક્યાં છે!
બધું અહીં જ રહેશે, ઉભયના અભાવે.

બીજું પણ ઘણું તે સ્થીતીમાં મળે છે,
ફકત હાર ક્યાં છે ? વીજયના અભાવે!

ક્ષીતીજે ટકાવ્યું છે મેં સ્થાન મારું,
નથી અસ્ત પામ્યો ઉદયના અભાવે!

કહે છે ઘણા કે છે સત્કર્મથી, પણ;
ટકી છે આ સૃષ્ટી, પ્રલયના અભાવે!

.11.

થઈને જે ઉભું છે તે બધું સ્વીકારવું પડશે!
જુનું સારું જ છે તો પણ; નવું સ્વીકારવું પડશે!

તમે સગવડ મુજબ થોડું સ્વીકાર્યું એ નહીં ચાલે!
સમય જ્યારે કહે ત્યારે વધુ સ્વીકારવું પડશે.

બહાનાં, જુઠ ને અફવા બધાએ હાથ ખંખેર્યાં!
તમારે હાથ જોડીને ખરું સ્વીકારવું પડશે.

ખરેખર ખુબ પોચી છે, અડો તો પણ નથી ખુંચતી;
છતાં પણ જીભનું કાતરપણું સ્વીકારવું પડશે.

ધ્રુજો છો કેમ, દર્પણને પુરું સ્વીકારવા બાબત?
નીકળશો બ્હાર, ત્યારે તો ઘણું સ્વીકારવું પડશે!

.12.

મેં રાખી છે આંખોમાં સંચારબંધી,
છતાં રોજ આવે છે સપનાં સુગંધી!

હું મારી જ સામે લડું રોજ રાતે,
સવારે ઉઠીને કરી લઉં છું સંધી!

'ધુતારી' લખાવ્યો, 'નઠારી' લખાવ્યો ;
લખો જીન્દગીનો વધુ ગુણ તે 'ખંધી'!

વીકીપીડીયામાં હવે મળતું 'સગપણ' !
અને મ્યુઝીયમમાં મળે 'ભાઈબંધી' !

ગઝલ ક્યાંથી અજવાળે રસ્તા જીવનનાં !
કવી કૈં ન ભાળે ને કલમો'ય અંધી !

ડૉ. મનોજ જોશી 'મન'

કવીનું સર્જન :

'ભીતરના અવાજો'– ગઝલસંગ્રહ, પ્રથમ આવૃત્તી– ઓગસ્ટ: 2012, પૃષ્ઠ: 109, કીમત: રુપીયા: 120 પ્રકાશક: પોતે, મુખ્ય વીક્રેતા: રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ–380 001

કવીસંપર્ક: 101-શાંતીકુંજ એપાર્ટમેન્ટ, 7–પટેલ કોલોની મેઈનરોડ, દીપભવન પાછળ, જામનગર: 361 008. ફોન: 0288-275 1161 મોબાઈલ : 98242 28598 અને 88492 93481
eMail : drmanoj.jam@gmail.com
Facebook : https://www.facebook.com/drmanoj.l.joshi?fref=ts

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : ચૌદમું - અંક : 421 – March 03, 2019
'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી, પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..
તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે,
એક મેલ સાથે, અલગ પીડીએફમાં મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને
–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,60,89,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,20,83,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 10,62,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 12,97,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@